Extra No. 26

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, JANUARY 19, 2026 / PAUSA 29, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર ક્રમાંક:જા.નં.પીબી/૧૯૨/૨૦૨૬, તા. ૧૨/૦૧/૨૦૨૬

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક:ટ્રાફિક/અભિપ્રાય/૭૩/૨૦૨૬ તા.૧૬/૦૧/૨૦૨૬

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે બહાર પાડેલ

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૬૮૬ થી ૭૨૪/૨૦૨૬- કાર્યપાલક ઈજનેરશ્રી, સ્ટેટ (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણ(૧)ના પત્રથી જણાવ્યા મુજબ તેઓની કચેરી હસ્તક આવેલ નાવરા-વરાછા-વડિયા તળાવ રોડ કિ.મી. ૦/૦ થી ૫/૭૦૦ પર રોડ રિસર્ફેસીંગ અને સ્ટ્રેધનીંગની કામગીરી માટે વર્ક ઓર્ડર આપેલ છે. વડોદરા જિલ્લામાંથી માલસર બ્રિજ થકી નાવરા વરાછા વડીયા તળાવ રોડ પર ભારે વાહનોની અવર-જવરને કારણે રોડને ઘણું નુકશાન થવા પામેલ છે. સદરહું રોડ પર ઓવરલોડ રેતી ભરેલા મોટા ટ્રકો વધુ માત્રમાં પસાર થાય છે. તેમજ સદરહું રોડ પર રિસર્ફેસીંગ અને સ્ટ્રેધનીંગની કામગીરી શરૂ કરવાની હોવાથી, આ કામગીરી દરમિયાન કોઈ મોટી દુર્ઘટના નિવારી શકાય તેમજ કામગીરી સુચારૂ રીતે પૂર્ણ કરવા સદરહું રોડ ભારે વાહનો માટે બંધ કરી, ભારે વાહનોનો રૂટ ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

વંચાણ (૨)થી પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા તા. ૧૬/૦૧/૨૦૨૬ના પત્રથી ટ્રાફિક રૂટ ડાયવર્ટ કરવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

ઉપરોક્ત વિગતોએ નાવરા-વરાછા-વડીયા તળાવ રોડ ભારે વાહનો માટે બંધ કરી, ભારે વાહનોનો રૂટ ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

// જાહેરનામું //

આથી હું એસ.કે.મોદી (આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ -૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ નાવરા-વરાછા-વડીયા તળાવ રોડ કિ.મી. ૦/૦ થી ૫/૭૦૦ ભારે વાહનો માટે બંધ કરી, ભારે વાહનો નીચે મુજબ ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

ટ્રાફિક ડાયવર્ઝનની વિગત

- **પાણેથા તેમજ અશાથી નાવરા તરફ જતા ભારે વાહનો માટેનો ટ્રાફિક ડાયવર્જન રૂટ.**

પાણેથા-અશા-ઢુંઢા-ઉમેરવા થઈ નાવરા તરફ જઈ શકશે

- **નાવરા થી અશા તરફ જતા ભારે વાહનો માટેનો ટ્રાફિક ડાયવર્જન રૂટ.**

  નાવરા-ઉમરવા-ઢુંઢા થઈ અશા તરફ જઈ શકશે

- **વડોદરા જિલ્લામાંથી માધવ સેતુ બ્રિજ પરથી આવતા ભારે વાહનો માટેનો ટ્રાફિક ડાયવર્જન રૂટ.**

  ડભોઈ-ગરૂડેશ્વર થઈ રાજપીપળા તરફ જઈ શકશે.

- **અશા અને પાણેથા થી વડોદરા જિલ્લામાં જતા ભારે વાહનો માટેનો ટ્રાફિક ડાયવર્જન રૂટ.**

રાજપીપળા-ગરુડેશ્વર થઈ ડભોઈ તરફ જઈ શકશે.

સદરહું રસ્તો ભારે વાહનો માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડી ભારે વાહનોનો પ્રવેશ પ્રતિબંધિત કરવા અંગેની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે.

અપવાદ

એમ્બ્યુલન્સ તથા મીનીબસને અવરજવર કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી આ અંગે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૧૯મી જાન્યુઆરી, ૨૦૨૬

એસ.કે.મોદી
જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.12 15:33:04 IST